**કૃપાકરી પ્રસિદ્ધિ માટે** **૧૦ જુલાઈ ૨૦૧૪**

## રેલ્વે અકસ્માતપિડતોને મળનારી  વિમા રકમ વધારવાની માગણી

**મુંબઈ,ગુરૂવાર :** "રેલ્વે અકસ્માતમાં મૃતકોના પરિવારોને અને ઘાયલ થયેલાને મળનારી વિમા રકમ માં વધારો કરવાની બાબતે વિચાર કરી નિર્ણય લેવામાં આવશે," આ મુજબનું આશ્વાસન રેલ્વે પ્રધાન શ્રી સદાનંદ ગૌડાએ ગઈ કાલે નવી દિલ્હી ખાતે ભારતીય જનતા પાર્ટી ના નેતા અને માજી રેલ્વે રાજય પ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈક અને ઉત્તર મુંબઈ ના સાંસદ શ્રી ગોપાળ શેટ્ટી ને આપેલ છે. રેલ્વે મંત્રાલય સબંધી વિવિધ માગણીઓ અને સૂચના બાબતે શ્રી નાઈક અને શ્રી શેટ્ટીએ રેલ્વે પ્રધાન સાથે ચર્ચા કરી હતી.

આ ચર્ચા બાબતે સવિસ્તાર માહિતી આપતા શ્રી રામ નાઈક અને શ્રી ગોપાળ શેટ્ટી એ કહ્યું હતું કે, "રેલ્વે અકસ્માતમાં મૃત પામેલી વ્યકતી ના પરિવારને ચાર લાખ રૂપિયા વિમા તરીકે આપવામાં આવે છે. અન્ય ઘાયલ થયેલાઓને પણ ઈજા મુજબ વિમા રકમ મળે છે. છતાંય ૧૯૯૭ માં નિર્ધારિત કરેલ આ રકમમાં ૧૬ વર્ષ માં એક પણ વખત વધારો કરવામાં આવેલ નથી. વધેલ મોંઘવારી જોતા વિમા રકમમાં પણ વધારો કરવાની ગરજ હોવા તરફ અમે રેલ્વે પ્રધાનનું ધ્યાન દોર્યું હતું. તેના પર વિચાર કરી રકમ વધારવાનું આશ્વાસન રેલ્વે પ્રધાને આપ્યું હતું."

મુંબઈના રેલ્વે દાવા ન્યાયાધિકારણમાં વકિલાતી કરનાર વકિલોના સંગઠનની વિવિધ માગણીઓ બાબતે નિવેદન પણ આ પ્રસંગે આ બંન્નેએ રેલ્વે પ્રધાનને સાદર કર્યું હતું. સદર નિવેદનનો રેલ્વે પ્રધાન ઝીણવટ પૂર્વક અભ્યાસ કરશે. છતાંયે, સદર નિવેદનમાંના અત્યંત મહત્વપૂર્ણ સૂચનો તરફ શ્રી રામ નાઈક અને શ્રી ગોપાળ શેટ્ટી એ રેલ્વે પ્રધાન નું ધ્યાન દોર્યું હતું. પાછલાં બે વર્ષ આ ન્યાયાધિકરણમાં એક ન્યાયિક સદસ્ય ની જગ્યા ખાલી હોવાથી ફકત ટેકનીકલ સભ્યોજ દાવા સંદર્ભે નિકાલ આપે છે. આથી પિડિતોને પુરતા ન્યાયની ભૂમિકાથી જોવાતા નથી આવી ફરિયાદ હોવાનું આ બંન્નેએ રેલ્વે પ્રધાનના ધ્યાનમાં લાવ્યું હતું. આ નિમણૂક કરવાનું આશ્વાસન પણ શ્રી ગૌડાએ આપેલ છે.

શ્રી રામ નાઈક અને સાંસદ શ્રી ગોપાળ શેટ્ટીએ મુંબઈ ઉપનગરી રેલ્વે બાબતે પણ રેલ્વે પ્રધાન સાથે ચર્ચા કરી. મુંબઈ ઉપનગરી રેલ્વે ની હાલની સ્થિતી બાબતે શ્વેતપત્રિકા બહાર પાડવાનો આગ્રહ આ બંન્નેએ મુકયો હતો. આ સંદર્ભે પણ યોગ્ય કાર્યવાહી કરવાનું આશ્વાસન રેલ્વે પ્રધાને આપેલ છે.

**(કાર્યાલય સચિવ)**